## :: જાહેરનામું ::

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં ૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::**

નંબર :એસ.બી./રાજકીય/જાહેરનામું/૧૫/૨૦૧૬.

**હુ ક મ :**

સુરત શહેરમાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોમાં એવુ ફલિત થયેલાનું છે કે,આવા ગુનાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં કામ કરતા ઘરઘાટી, નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન,માળી વગેરે મકાન માલિકનો વિશ્વાસ કેળવી તેઓના મકાન તથા તેમની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલકત સબંધિત તેમજ શરીર સબંધિત ગંભીર ગુના આચરે છે, જેના લીધે જાહેર સલામતિ અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતિ જાળવવા સારૂ.

વાસ્તે હું રાકેશ અસ્થાના,(IPS),પોલીસ કમિશ્નર,સુરત શહેર,ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮/૧૧/૮૨ના નોટીફીકેશન નંબર: જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહવિભાગના તા.૭/૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નંબર :જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩ની કલમ - ૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલિક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઇવર, રસોઇયા,વોચમેન,માળી રાખેલા હોય અને ભવિષ્યમાં રાખવામાં આવે તેની માહિતી જેતે સ્થાનિક વિસ્તારનાં સ્થાનિક પોલીસ સ્ટેશનને આપવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓમાં મકાન માલિક કામ માટે ઘરઘાટી, નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી વગેરે હવેથી રાખશે. ત્યારે તેની માહિતી જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નં-૧ અને ૨ ની હકીકત નીચે દર્શાવેલ કોલમ મુજબ આપવાની રહેશે, તેમજ વોચમેન હથિયારધારી હોય તો તેના હથિયાર અંગેની માહિતી પણ આપવાની રહેશે.

| અ.નુ. | વિગત | |
|---|---|---|
| ૧. | મકાન માલિકનું નામ તથા સરનામું ટેલીફોન નંબર | |
| ૨ | કામે રાખેલ નોકરનુ પુરૂ નામ ઓળખ ચિન્હો, હાલનુ પુરૂ સરનામું, સ્થાનિક પો.સ્ટે.નું નામ ટેલીફોન નંબર | |
| ૩ | કામે રાખેલ નોકરના મુળ વતનનુ સરનામુ.સ્થાનિક પો.સ્ટે.નું નામ ટેલીફોન નંબર | |
| ૪ | નોકરને રાખ્યાની તારીખ | |
| ૫ | કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે. તેનુ નામ સરનામુ ટેલીફોન નંબર | |
| ૬ | નોકરના બે થી ત્રણ સગા સબંધિના નામ સરનામા.(સ્થાનિક તેમજ વતનના) | |
| ૭ | નોકરનો ફોટો | |

### અમલવારીનો સમય

આ હુકમ તા.૧૩/૦૨/૨૦૧૬ કલાક : ૦૦-૦૦ થી તા.૧૨/૦૪/૨૦૧૬ કલાક : ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

### શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા

તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ :૦૬/૦૨/૨૦૧૬ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

**(રાકેશ અસ્થાના)**
**પોલીસ કમિશ્નર,**
**સુરત શહેર.**

<u>સવિનય નકલ રવાના</u> :-

(૧)અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨)પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩)અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪)પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

<u>નકલ રવાના</u> :-

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક અને ક્રાઇમ અને રેન્જ-૧, સુરત શહેર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.

(૩) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રેન્જ- ૨, સુરત શહેર.

(૪)કલેકટરશ્રી, સુરત શહેર.

(૫)મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૬)નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટેં.) સુરત રીજીયન, સુરત

(૭)નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.

(૮)પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય

(૯)મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ,બી,સી,ડી.ઈ,એફ,જી, ક્રાઇમ, લો &ઓર્ડર-૧,૨,કંટ્રોલરૂમ, ટ્રાફિક, હેડકર્વા, સુરત શહેર.

(૧૦)તમામ પો.સ્ટે.ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર. (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૧૧)તમામ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.

(૧૨)કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર. ( તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી.)

(૧૩)નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.

(૧૪)જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૫)મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૬)પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૭)રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૮)રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૯)રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૨૦)રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ જજ કોર્ટ, સુરત.

(૨૧) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, (નાનપુરા બહુમાળી,સુરત)

(૨૨) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત, સેવાસદન-૨, અઠવાલાઇન્સ,

(૨૩) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત

( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)